અપીલ અરજી નં.૩૭૮ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) જુનિ.ઈજનેર આર.આર.શાહ તથા ભાવસાર જયારથી લીંબાયતઝોનના શહેર વિકાસમાં ફરજ પર આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમણે જે જે ગેરકાયદે ઊભા થયેલ બાંધકામોની મુલાકાત લીધી હોય તથા તે મુલાકાત દરમ્યાન જે જે અહેવાલ તૈયાર કર્યા હોય તે અહેવાલની નકલ તથા ત્યારબાદ જે જે બાંધકામધારકોને બાંધકામ અટકાવવા અંગે કે દુર કરવા અંગે નોટીસો આપી હોય તેની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૮/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) જુનિ.ઈજનેર આર.આર.શાહ તથા ભાવસાર જયારથી લીંબાયતઝોનના શહેર વિકાસમાં ફરજ પર આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમણે જે જે ગેરકાયદે ઊભા થયેલ બાંધકામોની મુલાકાત લીધી હોય તથા તે મુલાકાત દરમ્યાન જે જે અહેવાલ તૈયાર કર્યા હોય તે અહેવાલની નકલ તથા ત્યારબાદ જે જે બાંધકામધારકોને બાંધકામ અટકાવવા અંગે કે દુર કરવા અંગે નોટીસો આપી હોય તેની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ વિગતો મોકલવાપત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૮૪ તા.૧૬–૧૧–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૫૯૨ તા.૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૧૬ થી લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં. ૨૩૮૮ તા.૨૩–૧૧–૧૧ ના પત્રની નકલ તથા સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૯૨ તા.૯–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી લીંબાયતઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ /આ.નં.૧૨૧૬ તા.૫–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૨૩૮૮ તા.૨૩–૧૧–૧૧થી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જુનિ.ઈજનેર આર.આર.શાહ તથા ભાવસાર જયારથી લીંબાયતઝોનના શહેર વિકાસમાં ફરજ પર આવ્યા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમણે જે જે ગેરકાયદે ઊભા થયેલ બાંધકામોની મુલાકાત લીધી હોય તથા તે મુલાકાત દરમ્યાન જે જે અહેવાલ તૈયાર કર્યા હોય તે અહેવાલની નકલ તથા ત્યારબાદ જે જે બાંધકામધારકોને બાંધકામ અટકાવવા અંગે કે દુર કરવા અંગે નોટીસો આપી હોય તેની નકલો આપશો. મુદ્દા નં.(૨) શહેરી વિકાસ વિભાગમાં ફરજ પર આવ્યા બાદ તેમણે જે જે ગેરકાયદે બાંધકામો દુર કરવામાં હાજર રહયા હોય તે બાંધકામ ધારકોનું નામ, સરનામું ડીમોલીશન કર્યા તારીખ તથા વસુલ કરેલ વહીવટી ખર્ચની વિગતવાર માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી આર. આર. શાહ તથા જુનીયર ઈજનેરશ્રી રાકેશ ભાવસાર જયારથી લીંબાયતઝોનના શહેર વિકાસખાતામાં ફરજ પર આવ્યા ત્યારથી અત્યાર સુધી ગેરકાયદેસર બાંધકામ બાબતે તેમના ધ્વારા કરવામાં આવેલ કામગીરી તથા તેમના ધ્વારા આપવામાં આવે નોટીસની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અપીલ તબકકે આવી નોટીસ કે કામગીરીની નકલો અત્રે રજૂ કરી નથી પરંતુ અપીલ બાદ અપીલના નિકાલ સુધીમાં અરજદાર તરફથી મળેલ માહિતીના અનુસંધાને નારાજગીની કોઈ વિગતો અત્રે રજૂ કરેલ નથી. જે સૂચવે છે કે મળેલ માહિતી અંગે અરજદારને નારાજગી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૧૨–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,